


પુસ્તક ૧ લું.]   શ્રાવણ : વીર સંવત ૨૪૬૭.   [ અંક ૧૦

No-057526   20-03-13



શ્રીમદ્ પન્યાસરત્ન વિજયજી મહારાજ.

તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક
ભોગીલાલ સાંકળચંદ શેઠ

## પંચાંગ.

સુદિ ૬ ક્ષય

| તિથી | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | શુક્ર | ૨૫ |
| ૨ | શનિ | ૨૬ |
| ૩ | રવિ | ૨૭ |
| ૪ | સોમ | ૨૮ |
| ૫ | મંગળ | ૨૯ |
| ૭ | બુધ | ૩૦ |
| ૮ | ગુરૂ | ૩૧ |
| ૯ | શુક્ર | *૧ |
| ૧૦ | શનિ | ૨ |
| ૧૧ | રવિ | ૩ |
| ૧૨ | સોમ | ૪ |
| ૧૩ | મંગળ | ૫ |
| ૧૪ | બુધ | ૬ |
| ૧૫ | ગુરૂ | ૭ |
| વ૧ | શુક્ર | ૮ |
| ૨ | શનિ | ૯ |
| ૩ | રવિ | ૧૦ |
| ૪ | સોમ | ૧૧ |
| ૫ | મંગળ | ૧૨ |
| ૬ | બુધ | ૧૩ |
| ૭ | ગુરૂ | ૧૪ |
| ૮ | શુક્ર | ૧૫ |
| ૯ | શનિ | ૧૬ |
| ૧૦ | રવિ | ૧૭ |
| ૧૧ | સોમ | ૧૮ |
| ૧૨ | મંગળ | ૧૯ |
| ૧૩ | બુધ | ૨૦ |
| ૧૪ | ગુરૂ | ૨૧ |
| ૦)) | શુક્ર | ૨૨ |

* ઓગષ્ટ ૩૧

## વાર્ષિક લવાજમ.] વિષય-દર્શન. [રૂપિયા, બે.

# શ્રાવણ, વિ. સં. ૧૯૯૭.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| તારંગા-સ્મરણ | મુનિશ્રી હેમેન્દ્રસાગરજી. | ૨૭૭ |
| **श्री शीलकुलकम्** | **श्रीविजयपद्मसूरिजी.** | ૨૮૦ |
| **श्री आदिनाथ चरित्र पद्य.** | **जैनाचार्यजयसिंहसूरिजी** | ૨૮૨ |
| **शास्त्रसम्मत मानवधर्म और मूर्तिपूजा.** | **पूज्य मु. श्री प्रमोदविजयजी** | ૨૮૩ |
| શ્રી સિદ્ધચક્રની તાત્વિકભાવના. | શ્રી વિજયપદ્મસૂરીજી. | ૨૮૫ |
| ધર્મ્ય વિચાર. | ઉપાધ્યાય. શ્રી સિદ્ધિમુનિજી. | ૨૮૮ |
| સેવાધર્મનું સુંદર સ્વરૂપ. | મુનિશ્રી પ્રેમવિમળજી. | ૨૯૧ |
| મહા ગૌતમબુદ્ધ શ્રમણેત્પાદક ઇતિહાસનું નિરસન | મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી. | ૨૯૩ |
| સજોડે સ્વાર્પણ | વીરબાળ | ૨૯૮ |
| ગરીબનાં આંસુ | મુનિકલ્યાણવિમલ | ૩૦૧ |
| ચાતુર્માસ— નિર્ણય. | તંત્રી | ૩૦૪ |
| વ્યાખ્યાન-વાણી | તંત્રી | ૩૦૬ |


સુદિ ૨ શનિ શ્રીસુમતિનાથ ચ્યવનદિન,
સુદિ ૪ સોમ શ્રી માસખમણ દિન.
સુદિ ૫ મંગળ શ્રી નેમિનાથ જન્મદિન.
સુદિ ૬ બુધ શ્રી નેમિનાથ દીક્ષાદિન.
સુદિ ૮ ગુરૂ શ્રી પાર્શ્વનાથ મોક્ષદિન.
સુદિ ૧૫ ગુરૂ શ્રી મુનિસુવ્રતસ્વામી ચ્યવનદિન.

વદિ ૫ મંગળ શ્રી પાસખમણદિન.
વદિ ૭ ગુરૂ શ્રી શાંતિનાથ ચ્યવનદિન, શ્રી ચંદ્રપ્રભુ મોક્ષદિન.
વદિ ૮ શુક્ર શ્રીસુપાર્શ્વનાથ ચ્યવનદિન.
વદિ ૧૦ રવિ રોહિણીદિન.
વદિ ૧૨ મંગળ પર્યુષણા પ્રારંભદિન.
વદિ ૦)) શુક્ર શ્રીકલ્પસૂત્રવાંચના-પ્રારંભદિન.

જૈનધર્મ વિકાસનો વધારો.

# જૈનધર્મ વિકાસ.

શુકલ એકાદશી : કાર્તિક, સં. ૧૯૯૭. અંક ૧ લાનો વધારો.

# ચૌમાસી ચૌદશ ક્યારે કરવી ?

લે. મુનિરાજ શ્રી. દર્શનવિજયજી મહારાજ. (જયપુર)

## ચર્ચાનો પ્રારંભ અને વસ્તુસ્થિતિ.

જ્યારથી પુનમની વધઘટ માનનાર વર્ગ નીકળ્યો છે. ત્યારથી જૈનસમાજમાં તિથિવિષયક એક નવો ઝઘડો ઉભો થયો છે. અને એ ઝઘડાએ છેલ્લાં વર્ષોમાં જૈન સંઘને ઘણું જ નુકશાન પહોંચાડ્યું છે.

આ પક્ષ પડ્યા પછી સંવત્સરીમાં ભેદ પડયો અને આવતી કાર્તિક ચૌમાસી પર પણ જૈન સંઘમાં ટુકડા પાડવાનો પ્રયાસ ચાલુ છે.

બેશક ! જે નવીન સંપ્રદાયના સંસ્થાપકો હોય છે, તેઓ જગત સામે કાંઈક નવીનતા ધરે છે. અને તેને માનનારો સમૂહ પણ મળી આવે છે. કોઈએ સ્ત્રીમુક્તિ નિષેધી તો કોઈએ સ્ત્રીપુજાને વછોડી, કોઇએ જીનપ્રતિમાને ઉત્થાપી તો કોઇએ દાન દયાને ઉથલાવી, પરંતુ તેને અનુસરનારા મળી આવ્યા. એ જ રીતે નવીન પક્ષ વધઘટમાં પુનમનું સ્થાન લોપવા માગે છે. તો તેને માનનારાયે મલી આવશે. એમાં કાંઇ શંકા નથી. કિન્તુ એમ કરીને આ નવીન પક્ષ શી શાસન સેવા સાધવા માગે છે. તે સ્પષ્ટ કરશે ખરા ?

આજે શ્રી સંઘ સામે એ પ્રશ્ન ઉભો થયો છે કે. આ ચૌમાસી ચૌદશ ક્યારે કરવી ? પ્રાચીન આચરણ પ્રમાણે તો તે ગુરૂવારે જ થવી જોઈએ. અને તે વ્યાજબી પણ છે. જ્યારે નવીન પક્ષ કહે છે કે તે બુધવારે કરવી. તેમણે એ પોતાના કથનને સાચું કરવા માટે 'જૈન'પત્રના છેલ્લા અંકોમાં 'વધારા' રૂપે એક લેખમાળા શરૂ કરી છે. ભુલવું ન જોઈએ કે આ લેખમાળા તે સં. ૧૯૯૩ ના 'વીરશાસન' પત્રમાં એક ગુપ્ત નામથી આવેલી લેખમાળાની નાનકડી પુનરાવૃત્તિ છે. અને આ લેખમાળા દ્વારા લેખક એમ સમજાવવા માગે છે કે, અમે સાચા છીએ, અમારી વાત સાચી છે. માટે બધાય અમારી વાતને માનજો,

એક તરફી વાંચન મળવાથી સાધારણ વાંચકોને જરૂર પ્રશ્ન ઉઠશે કે આમાં સાચું શું છે. તો એ સત્યને સ્પષ્ટ કરવા માટે જ પ્રસ્તુત પ્રયત્ન કરેલ છે. જો કે આ વિષય સંબંધે મારી "જૈન પંચાંગ પદ્ધતિ" વગેરે ઘણું સાહિત્ય પ્રકાશિત થયેલ છે. માટે અત્રે તો સાધારણ જનતા સરલ રીતે સમજી શકે એવી રીતે મુદ્દાની વાતો પર જ પ્રકાશ પાડવો ઉચિત ધાર્યો છે.

જૈનોમાં મહિનાના બન્ને પક્ષોની ૨, ૫, ૮, ૧૧, ૧૪, ૧૫, ૦)) એમ બાર તિથિઓ આરાધ્ય મનાય છે. એ તિથિએ વ્રતનિયમ વિશેષ પ્રમાણમાં પળાય છે. આગમો અને પ્રાચીન શાસ્ત્રોમાં પણ આ તિથિઓ અને તેમાંય ખાસ કરીને ૮, ૧૪, ૧૫, ૦)) ના પાલન માટે આદેશો છે. સાથોસાથ આ તિથિઓ વધેઘટે તો શું કરવું. એ પ્રશ્નને અનુલક્ષીને પૂર્વાચાર્યોએ યોગ્ય મર્યાદાઓ બાંધી છે. અને આ તિથિઓને અખંડ રાખવા પાકી વ્યવસ્થા કરેલ છે.

## ઉદયતિથિ અને તેની ગૌણતા.

સામાન્ય રીતે દરેક ઉદયતિથિ પ્રમાણિક મનાય છે. પરંતુ પર્વતિથિની વધઘટ થાય ત્યારે શું કરવું એ પ્રશ્ન સહજ ઉઠે છે. પૂ૦ શ્રી ઉમાસ્વાતિ મહારાજે તેની વ્યવસ્થા આ રીતે કરી છે.

**क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।**

ક્ષયમાં તેની પૂર્વતિથિ પર્વતિથિ કરવાને યોગ્ય છે. અને વૃદ્ધિમાં ઉત્તરતિથિ પર્વતિથિ કરવા યોગ્ય છે. એટલે કે પર્વતિથિ ઘટે તો તેની પહેલાંની તિથિને પર્વતિથિ માનવી. પર્વતિથિ વધે તો બેમાંથી બીજીને પર્વતિથિ માનવી.

પુનઃ તેઓશ્રીએજ પર્વતિથિના જાહેર રક્ષણ માટે ઉદય તિથિના નિયમને પણ ગૌણ બનાવ્યો અને સાફસાફ જાહેર કર્યું કે—

**श्री वीर ज्ञाननिर्वाणं, कार्यं लोकानुगैरिह ॥**

ભગવાનશ્રી મહાવીર સ્વામીની જ્ઞાનતિથિ અને નિર્વાણતિથિ લોકોને અનુસારે કરવી. આમાં ઉદયતિથિનો કદાગ્રહ રાખવો નહિ.

## ચતુર્દશી ક્યારે થશે.

પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અને તેઓશ્રીના પટ્ટાલંકાર આચાર્યાદિ મુનિગણાદિ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવાર અને ગિરિરાજ તેમ જ પટ્ટ દર્શન અને ચાતુર્માસ બદલવાનું કાર્તિક પુર્ણિમા શુક્રવારે કરનાર છે.

—તંત્રી.

ભુલવું ન જોઇએ કે પૂર્વાચાર્યોને પર્વતિથિ જ ઇષ્ટ છે, ઉદયતિથિનો એકાંત આગ્રહ ઇષ્ટ નથી. ઉદયવાળી તિથિ મળે તો લેવી, તેમ ન મળે તો ઉદયને પકડી બેસવું નહિ. કિંતુ ઉપરના સંસ્કારવડે પર્વતિથિને સ્પષ્ટ કરી તેની અખંડતા જાળવવી.

નવીનપક્ષ આ વાતને તો સ્વીકારે છે. કિન્તુ હરકોઇ પુનમ, અમાસ કે ભાદરવા સુદ ૫ ની વધઘટ થાય ત્યારે તે જુદો પડે છે.

તેઓ કહે છે મહિનામાં ૧૨ પર્વી એ પ્રધાન તિથિઓ છે. આરાધના માટે તે સ્પષ્ટ રહેવી જોઇએ. એ વાત સાચી, કિન્તુ પુનમ, અમાસ કે ભાદરવા સુદ ૫ ઘટે તો તેને ઘટાડવામાં કશો બાધ નથી. તેની આરાધના ચૌદશે અને ચોથે માની લેવી. મનને એમ સમજાવી લેવું. બાકી તેની આરાધના માટે અલગ દીન મુકરર કરવાની જરૂર નથી.

નવીન પક્ષવાળાની આ શોધ એ માત્ર મનઃ કલ્પના જ છે.

## પૂ. કાલિકાચાર્યે કરેલી પાંચમની વ્યવસ્થા.

પૂ૦ પા૦ શ્રી કલિકાચાર્યે ચોથે સંવત્સરી સ્થાપી ત્યારે જ કોઈ પાંચમને લોપે નહિ માટે જ **अणागत चतुर्थी** આદેશી છે. એટલે કે ઉદય પાંચમની પૂર્વની રાતે જ ચોથ સંવત્સરી લેવી.

આ આદેશમાં નીચેની બાબતો એકદમ સ્પષ્ટ થઈ જાય છે.

(૧) ભા. સુ. ૪ અને ૫ એ બન્ને તિથિઓ કાયમ રાખવી.

(૨) એમાંથી કોઇની પણ વધઘટ થાય તો પણ એવી રીતે સંવત્સરી પાળવી કે ચોથ અને પાંચમ સાથે જ રહે. ચોથની રાત્રી વટતાં જ ઉદય પાંચમ આવે.

(૩) ચોથે ઘટે તો **क्षये पूर्वा०** એ આજ્ઞાએ ત્રીજ ઘટાડવી. એટલે ચોથ પાંચમની જોડ બની રહેશે. ચોથનો ક્ષય માની પાંચમ પહેલાંની ત્રીજે સંવત્સરી ન કરવી. પાંચમ પહેલાંની જ ચોથે જ સંવત્સરી કરવી અને ત્રીજનો ક્ષય માનવો.

(૪) ચોથ વધે તો બીજી ચોથ પાંચમની પૂર્વતિથિ છે. માટે તે દિવસે જ સંવત્સરી કરવી. પહેલી ચોથ વાસ્તવિક રીતે ત્રીજ છે. ખરી રીતે તિથિ-વૃદ્ધિ એ લૌકિક હિસાબે છે. જૈન આગમના હિસાબે તો લગભગ ૫૯ ઘડીથી વધુ તિથિભોગ હોઇ શકે જ નહિ. માટે તિથિ વધે ત્યારે ૫૯ ઘડી પહેલાંની તિથિ તે વાસ્તવિક રીતે પૂર્વતિથિનું જ અંગ છે. તો ચોથ વધે ત્યારે પહેલી ચોથની ઘડીઓ આગમના હિસાબે તો ત્રીજનું જ અંગ છે. માટે **वृद्धौ उत्तरा**ની આજ્ઞા પ્રમાણે પહેલી ચોથ એ ચોથ

નથી. ત્રીજ છે. તે ચોથના અનુષ્ઠાન માટે નકામી છે. ત્રીજના અનુષ્ઠાન માટે નકામી નથી. આ પ્રમાણે કરવાથી બે ચોથમાં કઈ આરાધ્ય છે. તેનો ઉત્તર પણ મળી જાય છે.

(૫) પાંચમ ઘટે તો **ક્ષયે પૂર્વા**ની રીતિએ ચોથ ઘટાડવી. કિન્તુ એ પણ પર્વ-તિથિ છે. તેનો ક્ષય પાલવે એમ નથી એટલે પુનઃ **ક્ષયે પૂર્વા**ના નિયમ વડે ત્રીજ ઘટાડવી. અને ચોથ પાંચમની જોડલી કાયમ રાખવી.

અહીં એમ પ્રશ્ન થશે કે પાંચમ ઘટે છે. તો તેનો ક્ષય કાયમ રાખીએ તો શું વાંધો ? ઉત્તર સીધો છે. બાર પર્વતિથિઓને અખંડ રાખવા માટે તો **ક્ષયે પૂર્વા૦** એ આજ્ઞા છે. આવી સ્પષ્ટ આજ્ઞા હોવા છતાં, આપણે પર્વને લોપવા તૈયાર થઇએ એતો ચોકખી આજ્ઞાની વિરાધના જ

# માર્ગ...દર્શન.

કાર્તિક માસમાં ચંડાંશુચંડુ પંચાંગમાં પુનમો બે છે. એ વાત ખરી છે. અને આપણે એ પંચાંગને વ્યવહારિક રીતીએ આરાધનામાં માન્ય કરીએ છીએ. એ વાત પણ ખરી છે. પરંતુ આરાધના કરનારે માત્ર તિથિના નિર્ણય માટે ચંડાંશુચંડુ પંચાંગને લેવાનું છે. પરંતુ તેમાં પર્વ-તિથિનો ક્ષય કે વૃદ્ધિ આવે ત્યારે શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજના **ક્ષયે પૂર્વા** નિયમનેજ અનુસરવાનું છે. આથીજ તત્વતરંગિણી વિગેરે શાસ્ત્રોમાં ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસ ઉદયવાળી છતાં તેરસના નામનો અસંભવ બતાવી તેને ચૌદશપણે સ્વીકારવા જણાવ્યું છે.

આવી રીતે આચાર્યશ્રી આનંદવિમળસૂરિજીની પહેલાંનાં પણ બે પુનમની બે તેરસ અને પુનમના ક્ષય તેરસનો ક્ષય કરવાનાં સબલ પ્રમાણો છે. તેથી આરાધના કરનારે એકવડી પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિએ તેની પહેલાંની તિથિની ક્ષય કે વૃદ્ધિ કરવી જોઇએ અને જોડલી પર્વતિથિઓ-માંની એક પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિએ પૂર્વતર અપર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ કરવી જોઇએ. આ વસ્તુ શાસ્ત્રોક્ત છે અને પરંપરાએ પણ અત્યાર લગી ચાલી આવે છે. અને તેથી કાર્તિક પૂર્ણિમા શુક્રવારે શ્રી સિદ્ધા-ચલની પટયાત્રા અને વિહાર વિગેરે થાય.

સિદ્ધક્ષેત્ર. સુદ ૭ કાર્તિક, સં.૧૯૯૭. } **પૂ. આચાર્યદેવ શ્રી સાગરાનંદ સુરીશ્વરજી.** ની આજ્ઞાથી અરૂણોદયસાગરજી.

છે. પર્વતિથિઓ ઘટે તો છે જ. કિન્તુ તેને કાયમ રાખવી છે, તેના અનુષ્ઠાનનો લોપ કરવો નથી, બારે પર્વીને અખંડ રાખવી છે. માટે તો **પૂર્વા અને उत्तरा०** વાળી આજ્ઞાઓ પ્રવર્તાવી છે. આમાં પર્વ ઘટે તો તેનું અનુષ્ઠાન પણ ના રહે. આથી આવી કલ્પનાને મહત્વ આપવાની જરૂરત શું છે? માટે જ ભાદરવા સુદ ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય કરાય છે. અને એ રીતે ચોથ પાંચમની જોડી કાયમ રહે છે.

(૬) પાંચમ વધે તો આ વૃદ્ધિ માત્ર લૌકિક ગણત્રીએ છે. માટે **वृद्धौ उत्तरा**ની રીતીએ ચોથ વધારવી, કિન્તુ એ પણ પર્વતિથિ છે. તેની વૃદ્ધિ પણ પાલવે તેમ નથી એટલે પુનઃ **वृद्धौ उत्तरा**ના નિયમ વડે ત્રીજ વધારવી. અને ચોથ પાંચમની જોડી બનાવવી.

આ પ્રમાણે કરવાથી આગમમાં નહિ નિર્દેશેલ તિથિવૃદ્ધિનો ગોટાળો નીકળી જાય છે. શુધ્ધ પર્વતિથિ મળે છે. અને બે પાંચમ, કે બે ચોથ દેખી પહેલી તિથિને આરાધવાની ભુલ કોઇ ન કરી બેસે તે માટે વાસ્તવિક તિથિ મળે છે.

અહીં પ્રશ્ન એ થશે કે, પાંચમો બે છે. માટે બે પાંચમ કાયમ રાખીએ તો શું હરકત છે. ઉત્તર સીધો છે કે, એ પાંચમની વૃદ્ધિ આગળના હિસાબ બહારની છે. તેને સંસ્કાર આપી ૧૨ પર્વીને કાયમ રાખવાની જરૂર છે. માટેજ **वृद्धौ उत्तरा**ની આજ્ઞા પવર્તાવી છે.

આવી સ્પષ્ટ આજ્ઞા છતાં આપણે ૧૨ પર્વીની સંખ્યામાં ગરબડ કરીએ **એ તો નરી આજ્ઞા વિરાધનાજ છે.**

કોઇ એમ પણ કહેશે કે, બે પાંચમ થાય તો એક પાંચમને પાંચમ માનીશું. તેનો ઉત્તર એટલોજ છે કે. જેને પાંચમનો લોપ ઇષ્ટ છે. તેજ બે પાંચમ માની શકે. પાંચમ ઘટે તો એ પર્વતિથિને લોપવી છે અને પાંચમ વધે તો બન્નેને બદલે એકજ પાંચમને પાંચમ માનવી છે. એ ક્યાંનો ન્યાય ? તદુપરાંત ચોથ પાંચમની જોડી બનાવી રાખવા માટે, પહેલી પાંચમજ પાંચમ રહેશે; ઉદય પાંચમ અને ચોથ જોડી ન બને તો આજ્ઞાભંગ છે જ. આથી નક્કી છે કે પર્વતિથિઓની વધઘટ માનવી એ મનસ્વી કલ્પનાજ છે. માટેજ ભાદરવા સુદ ચોથ પાંચમ વધે તો ત્રીજ વધારાય છે. અને ચોથ પાંચમની જોડી કાયમ રહે છે.

(૭) ઉદયતિથિનો આગ્રહ રાખવો નહિ. તિથિની વ્યવસ્થાને તોડવી નહિ. પર્વતિથિ કાયમ રહે તેમ કરવું.

એક ગચ્છવાળા ભા૦ સુ૦ ૪ ઘટે તો પાંચમે સંવત્સરી કરી લે છે. અને આ નવો પક્ષ પાંચમ ઘટે તો તેને ભા૦ સુ૦ ૪માં સામેલ કરવા જણાવે છે.

આ પ્રમાણે એકે ચોથ લોપી, બીજાએ પાંચમ. તેઓની એકાંત ખેંચતાણુમાં આ મોટાં પર્વોની આ દશા થઈ છે. પછી બીજા પર્વોની સ્થિરતા માટે તો પુછવુંજ શું ? કદાચ કોઈ વધઘટમાં બારે પર્વને લોપે તો ઉપરના બંને પક્ષોના એકીકરણુ દ્વારા તો તે સાચો અને પ્રમાણિક ઠરશે. જેમ કે, ઘટતી આઠમ ઉદય તિથિ નથીજ. માટે તેનું અનુષ્ઠાન સાતમે કરવું ગેરવ્યાજબી છે. અને આઠમ વધે ત્યારે ઉપરના બન્ને પક્ષો એક બીજાની આઠમને જુઠ્ઠી બતાવે છે. માટેજ બન્ને આઠમો સંદિગ્ધ આઠમો છે. તેની આરાધના પણુ નકામી છે. આવી આવી કલ્પનાઓ વડે કોઈપણુ મનુષ્ય હરકોઇ પર્વતિથિને તથા તેની આરાધનાને લોપી શકે છે.

તાત્ત્વિકરીતે તો ભા૦ સુ૦ ૪ કે ૫નો ક્ષય માનનારા બન્ને પક્ષો ભુલે છે. અને તેઓની એ ભુલ, ઉપરના ખુલાસા પછી સમજી શકાય તેમ છે. ભા૦ સુ૦ ૪ કે ૫ની વધઘટ કરવી એ આજ્ઞા પ્રમાણુ નથી. વિભંગ માર્ગ છે.

(૯) ઉદયતિથિના લોભથી ચોથ પાંચમને સાથે રાખવાની આજ્ઞારૂપ આચરણાને તોડવી નહિ.

એક એવો અપવાદ છે કે, પાંચમ કરનાર અશક્ત હોય તો ભાદરવા સુદ પાંચમે ઉપવાસના બદલે એકાસણું કરે કે, ચોથના ઉપવાસમાં સામેલ માની લ્યે કે વદ પાંચમે ઉપવાસ કરે. આમાં સશક્ત હોય તેને પાંચમના ઉપવાસની મના

## આ....જ્ઞા.

હાલની તિથિચર્ચાની મુંઝવણને અંગે ચૌમાસી પ્રતિક્રમણુ અને સિદ્ધાચળ પટ દર્શનની આરાધના ક્યારે કરવી, તે સંબંધી ઘણુકોની પુછપરછ થતાં આ પત્રદ્વારા માર્ગદર્શન આપીએ છીએ કે, પુર્વાચાર્યોની શાસ્ત્રીય પરંપરાનુસાર અમારો અને અમારા આજ્ઞાવર્તી સર્વ સાધુ શાધ્વી સમુદાય ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ ગુરૂવાર તા. ૧૪-૧૧-૪૦, અને કાર્તિક સુદ ૧૫ શુક્રવાર તા. ૧૫-૧૧-૪૦ના રોજ ચાતુર્માસ બદલી ગિરિદર્શન કરશે. તેજ પ્રમાણે અમારા પૃછકોને આરાધના કરવાની ભલામણુ કરીએ છીએ.

શીવગંજ<br>
તા. ૫-૧૧-૪૦

પૂ. આચાર્ય દેવ શ્રી. વિજયનીતિ સુરિશ્વરજી.<br>
ની આજ્ઞાથી પં. શ્રી સંપતવિજયજી.

નથી. અને પાંચમ ઘટે તો એ પર્વને લોપી ચોથને ચલાવી લેવાની આજ્ઞા પણ નથી. છતાંય અશક્તી માટેના આ અપવાદને પાંચમનો લોપ કરનારૂં પ્રમાણ લેખવામાં આવે, એ તો અર્થનો અનર્થજ છે.

આ પ્રમાણે તો સંવત્સરી ચોથ પણ નહિ ટકી શકે, કેમકે અશક્ત માટે તો ભા૦ સુ૦ ૪ના ઉપવાસને બદલે અમુક આયંબિલ, એકાસણાં, બેસણાં કે સ્વાધ્યાય દ્વારા તપપૂર્તિ કરવાની આજ્ઞા છે. અહીં પણ ઉપરનો નિયમ લગાડીએ તો ક્ષીણ ચોથે સંવત્સરી પર્વજ ઉડી જવાનું. માટે વિવેકી પુરૂષોએ પાંચમ ઘટે તો પાંચમ ગઈ. એવો અભિનિવેષ રાખવો ન જોઇએ.

## ચૌદશ પુનમની વ્યવસ્થા.

પૂ૦ શ્રી કાલિકાચાર્યજીએ ચોથે સંવત્સરી સ્થાપી, તેને અંગેજ ચૌદશે ચૌમાસી આવેલ છે. એટલે પાંચમ ચોથની જે વ્યવસ્થા છે. તેજ વ્યવસ્થા પુનમ ચૌદશને પણ લાગુ પડે છે. આ રીતે વધઘટમાં ચૌદશ પુનમ સાથે રહે એમ કરવું ઘટે છે. જે વ્યવસ્થા આ પ્રમાણે છે.

(૧) ચૌદશને પુનમ, તેમજ ચૌદશ અને અમાસ પર્વોને કાયમ રાખવા.

(૨) વધઘટના પ્રસંગે એવી રીતે ચૌમાસી ને પાખી આરાધવી કે ચૌદશ પુનમ સાથેજ રહે. તેમજ ચૌદશ–અમાસ સાથેજ રહે.

(૩-૪) ચૌદશની વધઘટમાં તેરસની વધઘટ કરવી. આથી ચૌદશ પુનમની જોડી બની રહેશે. આરાધ્યપર્વો ૧૨ છે. ૧૩ કે ૧૧ નથી. તેમજ તેરસમાંથી બનેલ અધિક ચૌદશ પણ આરાધ્યપર્વ નથી. એ વસ્તુ સ્પષ્ટ બની જશે.

(૫-૬) પુનમ કે અમાસની વધઘટમાં તેરસની વધઘટ કરવી. આથી ચૌદશ પુનમની જોડી બની રહેશે- બાર પર્વી કાયમ રહેશે. બાર પર્વી લોપવાનું પાપ પણ નહિ લાગે.

અહીં નવીનપક્ષ એમ પણ માને છે કે, ક્ષીણ પુનમનો સમાવેશ ચૌદશમાં કરી લેવો. છતાંય તેનું અલગ અનુષ્ઠાન કરવું હોય તો તેરસે કરવું. એટલે તેઓ એમ સમજાવે છે કે, કાર્તિક પુનમ ઘટે ત્યારે સિદ્ધાચળની યાત્રા વિગેરે પુનમની વિધિ ચોમાસામાં કા૦ સુ૦ ૧૩ દિને કરવી. ચૈત્રી પુનમ ઘટે ત્યારે ચૈત્રી દેવવંદન, સિદ્ધાચલજીની યાત્રા, તપપદની આરાધના, ઓળીની સમાપ્તિ વગેરે ચૈત્ર સુદ ૧૩ દિને મહાવીર જયંતિના દિવસે કરવાં. આઠ દિવસની ઓળી લેવી, આશ્વિન પુનમ ઘટે ત્યારે નવપદ, તપપદની આરાધના, તેરસે કરવાં વિગેરે વિગેરે શું તેઓનું આ મન્તવ્ય ન્યાયવાળું છે ? નહિજ.

પાવાપુરીમાં અમાસે નિર્વાણોત્સવ થાય છે. તેની પહેલાંના એક દિવસે દિગંબરો ઉત્સવ મનાવે છે. આ પ્રમાણે વ્યવસ્થા છે. ઉદયના આગ્રહે જૈનપંચાંગમાં

કા૦ વ૦ અમાસ ન લખવામાં આવે તો તેની અસર તે સાલમાં પાવાપુરી માટે શું પડશે ? તે સંબંધી નવીન પક્ષવાળાએ વિચાર સરખોયે કર્યો લાગતો નથી.

પર્વનો લોપ થાય. તદુપરાંત અનુષ્ટાનોમાં ગરબડ થાય. તે તો વિવેકી જનોને માનવા યોગ્ય નથીજ.

(૭) ઉદયતિથિનો આગ્રહ ન રાખવો, બાર પર્વી કાયમ રહે તેમ કરવું.

નવીનપક્ષવાળા પુનમને ચૌદશ માની લે છે. અને એક ગચ્છવાળા તો ચૌદશનેજ પુનમ માની લ્યે છે. આમાં બન્ને ભુલે છે. ચૌદશ-પુનમ કે ચૌદશ અમાસ પૈકીની વધઘટ કરવી એ આજ્ઞા પ્રમાણ નથી.

(૮) ઉદયતિથિના લોભે ચૌદશપુનમની જોડીને તોડવી નહિ. આચારણાને ઉત્થાપવી નહિ.

**क्षये पुर्वा**૦-એજ શ્લોક હાની-વૃદ્ધિ એ બન્નેનું નિયમન કરે છે. તે પૈકીની એક વાત માનવી, અને બીજી વાત ન માનવી એ તો હોઇ શકેજ નહિ. એટલે ચૌદશ, પુનમ, અમાસની વધઘટમાં તેરસની વધઘટ કરવી એ પ્રમાણ માર્ગ છે.

**જગદ્દગુરૂ ફરમાવે છે કે-**

પુ૦ પા૦ શ્રી જગદ્દગુરૂ શ્રી. હીરવિજયસૂરિ મહારાજા પણ એજ ફરમાન છે. જુઓ—

(१) **पंचमी तिथि स्त्रुटिता भवति, तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते !**

( હીર પ્રશ્ન પૃ ૭૮-૭૯. )

## कार्तिकी चौमासा.

न्यायाम्भोनिधि जैनाचार्य श्रीमद् विजयानंदसूरीश्वरजी महाराज के पट्टधर आचार्य महाराज श्रीमद् विजयवल्लभसूरीजी महाराज कार्तिक चौमासा १४-११-१९४० गुरुवार को करेंगे। तदनुसार पंजाब का समस्त श्री संघ भी करेगा। अन्यत्र भी इसी प्रकार होने की आशा है। और कार्तिकी पूर्णिमा श्रीसिद्धाचलजी के पट्ट की यात्रा १५-११-१९४० शुक्रवार को होगी।

ईश्वरलाल जैन.

धर्माध्यापक-श्री आत्मानंद जैन गुरुकुल.

गुजरांवाला. (पंजाब)

પાંચમ ઘટે ત્યારે પાંચમનો ઉપવાસ ચોથે કરવો.

(२) **पुर्णिमायां च त्रुटितायां त्रयोदशी चतुर्दश्योः क्रियते !**

( હીર પ્રશ્ન પૃ. ૭૮-૭૯ )

પુનમ ઘટે ત્યારે ચૌદશ પુનમનો છઠ્ઠ તેરસ ચૌદશે કરવો. એટલે કે ચૌદશે પુનમ કરવી, તેરસે ચૌદશ કરવી, અને તેરસનો ક્ષય કરવો.

(३) **यत्रा चतुर्दश्यां कल्पोवाच्यते, अमावास्यादि-वृद्धौ वा अमावास्यायां वा प्रतिपदि वा कल्पो वाच्यते** ( હીર પ્રશ્ન પૃ. ૪૫ )

ચૌદશે કલ્પધર આવે, અમાસ વધે તો અમાસે, અને એકમ વિગેરે વધે તો એકમે કલ્પધર આવે.

સં. ૧૯૩૫માં ભા૦ સુ૦ ૨ ઘટી, ત્યારે ધરણેન્દ્રસૂરિજીએ એકમને બદલે શ્રા૦ વ૦ ૧૩નો ક્ષય જાહેર કર્યો. જેના અંગે નીકળેલું પુ૦ શ્રી ઝવેરચંદ સાગરજી મ૦ના હેન્ડબીલમાંથી નવીન પક્ષવાલા તા. ૨૦-૧૦-૪૦ ના 'જૈન'માં અવતરણ આપી કબુલે છે કે—

**श्री हीरप्रश्नमें पिण कहा है कि जो पर्युषणमें पीछला चार दिवसमें तिथि क्षय आवे तो चतुर्दशीथी कल्पसूत्र वांचणा, जो वृद्धि आवे तो एकमथी वांचणा।**

આ અવતરણમાં પાછલાજ ચાર દિવસો એટલે ૧, ૨, ૩, ૪ નો ક્ષય થાય તો ચૌદશે કલ્પધર બતાવ્યો છે. યદી અમાસનો ક્ષય કાયમ રાખવામાં આવે તો પણ ચૌદશે કલ્પ આવે. કિન્તુ શ્રીજગદ્ગુરૂજીને તે ઇષ્ટ નથી. તેઓને તો અમાસ ઘટે ત્યારે ચૌદશે અમાસ અને તેરશે ચૌદશ એ સંસ્કાર પ્રમાણે અમાસેજ કલ્પધર ઇષ્ટ છે. માટે તેઓશ્રીએ **अमावास्यादि हानौ** એમ કહ્યું નથી.

વૃદ્ધિમાં તો પહેલી અમાસ ચૌદશ બનતી હોવાથી, શુદ્ધ અમાસે કલ્પ-ધર આવે તે પણ સમુચિત છે. માટેજ **अमावास्यादि वृद्धौ** અમાસે કલ્પધર કહ્યો છે.

એકંદરે તેઓશ્રીને અમાસની વધઘટ ઇષ્ટ નથી.

આ રીતે જગદ્ગુરૂની આજ્ઞાએ પણ પર્વલોપના વિરૂદ્ધમાં એટલે ૧૨ બારપર્વીને અખંડ રાખવાની તરફેણમાં જાય છે.

## ગુરૂવારે ચૌમાસી કરવી.

આ દરેક પાઠ જોયા પછી હવે આપણે મુળ વાતને વિચારીએ. આવતી કાર્તિક પુનમની ચંડાશુ ચંડુ પંચાંગમાં વૃદ્ધિ હોવાથી ચૌમાસી ચૌદશ તથા કાર્તિક પુનમ ક્યારે કરવાં તેનો નિર્ણય ઉપરની પૂર્વાચાર્યોની આજ્ઞા મુજબ નીચે પ્રમાણે છે.

(૧) બે પુનમ માનવાથી અનાગમિક પર્વવૃદ્ધિને પુષ્ટિ મળે છે. આગમોક્ત મર્યાદાનો લોપ છે. આજ્ઞાભંગનો દોષ છે.

(૨) બે પુનમ માનવાથી બારપર્વીની વ્યવસ્થા તુટી જાય છે. પછી તો ક્ષયમાં પુનમનો લોપ થવાનો માટે એ રીતે પુર્ણિમા લોપનું પાપ લાગે.

(૩) ચૌદશ પુનમની વચ્ચમાં એક નવો અહોરાત્ર રાખવાથી ચૌદશ પુનમની જોડી રહેતી નથી. ઉદય પુનમથી પૂર્વરાત્રે ચોમાસી આવતી નથી. પુ૦શ્રી. કાલિકાચાર્યની આજ્ઞા ઉત્થાપાય છે. માટે ઉદયના એકાન્તિક આગ્રહને વશ બની એ આજ્ઞાને લોપવી નહિ.

(૪) મંગળવારે તેરસ, બુધવારે ૧૪, ગુરૂવારે ચોમાસી ચૌદશ, અને શુક્રવારે કાર્તિક પુનમ આ રીતે તિથિ આરાધન કરવું તેમાં બારપર્વીનું રક્ષણ છે. અનાગમિક પર્વવૃદ્ધિના દોષની શુદ્ધિ છે. ચૌદશ પુનમ સાથે રહે છે. પૂર્વાચાર્યોની આજ્ઞાનું તેમજ શુદ્ધ આચરણાનું પાલન છે.

શ્રેયસ્કર માર્ગ એજ છે કે વિવેકી પુરૂષોએ ગુરૂવારે ચોમાસી ચૌદશ અને શુક્રવારે કાર્તિક પુનમનું આરાધન કરવું. સપ્રમાણ અને શુદ્ધ માર્ગ પણ એજ છે.*

---

*આ તથ્યને વિશેષ જાણવા ઈચ્છનારે અમારી "જૈન પંચાંગ પદ્ધતિ" પુસ્તક વાંચી જવું.

## દિશા....સૂચન.

પર્વતિથિની આરાધનાના વિષયમાં અમારો વિચાર આજ સુધી પૂર્વાચાર્યો વિગેરે પૂ૦ પુરૂષો જે શાસ્ત્રીય પ્રણાલિકાથી આરાધના કરતા આવ્યા છે, તે પ્રમાણેજ છે. લૌકિક ટીપણામાં બે પુનમ કે બે અમાસ હોય તો આપણી શાસ્ત્રીય પ્રણાલિકા બે તેરસો માનવાનીજ છે. આજ રીતે લૌકિક ટીપણામાં પુનમ કે અમાસનો ક્ષય હોય તો તેરસનોજ ક્ષય માનવો તે આપણી શાસ્ત્ર મર્યાદા છે. તે પ્રમાણેજ અમો તથા અમારો સર્વ સમુદાય આરાધના કરનાર છે. પ્રભુ આજ્ઞાનું પાલન કરવાના અભિલાષી ભવ્યાત્માઓ પણ એજ સુવિહિત શાસ્ત્રીય પ્રણાલિકાને અનુસરી પર્વતિથિની આરાધના કરે એમ અમો ઈચ્છીએ છીએ.

સુદ ૭ કાર્તિક, ૧૯૯૭ } પૂ. આચાર્યદેવ શ્રી.વિજયમોહનસુરિશ્વરજી.
પાલીતાણા. } ની આજ્ઞાથી મુનિશ્રી ધર્મવિજયજી.

# બે પુનમો કરાયજ નહિ.

લેખકઃ—મુનિ ભુવનવિજયજી

આ વર્ષમાં લૌકિક ટીપણામાં કાર્તિક સુદ પુનમ બે હોવાથી સમસ્ત શ્રી જૈન શાસનને અનુસરનારો વર્ગ તો બે તેરશ કરશે, છતાં એક વર્ગનો બે પુનમો કરવાનો આગ્રહ છે. તો નીચેના પ્રશ્નોનો ખુલાસો કરશેકે ?

૧. શ્રી આનન્દવિમલસૂરિજીની વખતે બે પુનમો હતી ત્યારે બે તેરશો થઈ છે એ વાત શું ખોટી છે ? (૧)

૨. શ્રી હીરસૂરિજી મહારાજ આદિ ટીપણામાં બે સૂર્યોદયને લીધે પર્વતિથિની વૃદ્ધિ હોય, છતાં બીજીને જ સૂર્યોદયવાળી માનવાનું ફરમાવે છે કે નહિ ? (૨)

૩. આચાર્યવિજયદેવસૂરિએ પુનમ અમાવાસ્યાની વૃદ્ધિ કે હાનિએ તેરસની વૃદ્ધિ અને હાનિ (ક્ષય) કરવા માટે પટ્ટક લખ્યો છે. તે શું તમારે માન્ય નથી ? (૩)

૪. પર્વતિથિના ક્ષયે પહેલાની અપર્વ તિથિનો ક્ષય કરવાનો તથા તેની વૃદ્ધિએ પહેલાની અપર્વતિથિની વૃદ્ધિ કરવાનો નિષેધ કયા ગ્રંથમાં છે ? (૪)

૫. સં. ૧૫૭૭ ના વૈશાખ વદિ ૯ મંગળવારે તિથિવિચારમાં મુનિશ્રીરૂપવિજયજી પુનમના ક્ષયે અને વૃદ્ધિએ તેરશનો ક્ષય અને વૃદ્ધિ જણાવે છે કે નહિ ? (૫)

૬. મુનિશ્રી રામ વિજયજી તેમના વધારામાં પણ જણાવે છે કે ચૌદશને બીજે દિવસે જ પુનમ કરીને છટ્ઠ કરવો. એ વાત કેમ ભૂલી જવાય છે ? (૬)

૭. તપગચ્છની આચારમય સામાચારી પત્ર ૩ માં પણ ચોથી પ્રતિમામાં ચૌદશ અને પુનમનો જ છટ્ઠ જણાવે છે કે નહિ ? (૭)

૮. સુબોધા સામાચારી પત્ર ૪ માં ચૌદશ અને પુનમ અગર ચૌદશ અને અમાવાસ્યાનો (છટ્ઠ) કરી બે ચૌવિહાર ઉપવાસ સાથે કરવાનું જણાવે છે કે નહિ ? (૮)

૯. તિલકાચાર્ય સામાચારી પત્ર ૧૦ માં આઠમ, ચૌદશ, પુનમ અને અમાવાસ્યામાં ચૌવિહાર ઉપવાસ સાથેનો પૌષધ જણાવી ચૌદશ અને પુનમ કે ચૌદશ અને અમાવાસ્યાનો જ છટ્ઠ જણાવે છે કે નહિ ? (૯)

૧૦. શ્રી પ્રવચન સારોદ્ધાર ટીકા (દ્વાર ૧૫૩) માં પણ તેવી રીતે ચૌદશ પુનમનો જ છઠ્ઠ કરવાનું જણાવે છે કે નહિ ? પૂર્ણિમા કે અમાવાસ્યાના ક્ષય કે વૃદ્ધિએ તેરશનો જ ક્ષય કે વૃદ્ધિ કરવાનું સાફસાફ જણાવનારા આથી પણ વધુ કેટલા પુરાવા જોઈએ ? આથી જ બે પુનમો કરવી તે આવકારદાયક નથી. (૧૦)

# આદેશ.

આ વર્ષે લૌકિક ટીપણામાં કારતક સુદ ૧૫ બે-છે. આવી રીતે લૌકિક ટીપણામાં પર્વતિથિઓની ક્ષયવૃદ્ધિ દરવર્ષે આવ્યા જ કરે છે. પરંતુ જિનેશ્વર દેવના મતાનુસારે ભાવિક જીવોને આરાધના કરવામાં ગુંચવણ ન આવે માટે પરોપકારી યુગપ્રધાનશ્રી ઉમાસ્વાતિ મહારાજે **क्षये पूर्वा तिथि कार्या, वृद्धौ कार्या तथोत्तरा** રૂપ શુભ બનાવી આરાધનાનો માર્ગ સરલ કરી આપેલ છે ને તે માર્ગે દરેક જીન-મતાનુયાયી પોતાની આરાધના કરી મોક્ષમાર્ગ નજીક થઈ રહ્યા હતા, તે માર્ગનું ઉચ્છેદન કરી મિથ્યા માર્ગમાં પ્રવર્તન કરાવવા સૂત્રના મનઃકલ્પિત અર્થો કરી, આચાર્યશ્રી રામચંદ્રસૂરિશ્વરજી તથા તેમની છાયામાં બેસનારા તનતોડ મહેનત કરી રહેલા છે. તેથી કેટલાક સરળ આત્માઓને ભ્રમણા ઉત્પન્ન થવાથી ચોમાસી પડિકમણું ક્યારે કરવું ને સિદ્ધાચલજીની, પટની યાત્રા કરવા ક્યારે જવું તે બાબતનો ઉહાપોહ બહુ થતાં જનતાએ અમોને વારંવાર પુછાવતાં આ પત્રદ્વારા જણાવીએ છીએ કે અમો અમારા આજ્ઞાવર્તી સાધુ સાધ્વી તથા અમારા પ્રત્યે વિશ્વાસ ધરાવતાં શ્રાવક શ્રાવિકા ને કારતક સુદી ૧૪ ગુરૂવારે ચૌમાસી પડીકમણું કરીને કારતક સુદ ૧૫ શુક્રવારે ચોમાસું બદલી સિદ્ધાચલજી પટદર્શન કરવાનું સુચવવીએ છીએ અને એ પ્રમાણે આરાધકોએ કરવું એવી અમારી ભલામણ છે.

પાલીતાણા
તા. ૬-૧૧-૪૦

પૂ૦ આચાર્યશ્રી વિજયભકિત સુરિશ્વરજી તરફથી
મુનિશ્રી. ભુવનવિજયજી ગણિવર

તા. ક.—શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓ તો ઉપરનાં વચનોથી પૂર્ણિમા અને અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય અને વૃદ્ધિ કરવાના છે. ફક્ત નવીન વર્ગ જ શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ કરશે, કારણ કે તેમને સન્મુખ બેસીને આમન્ત્રણ આપ્યા છતાં ખુલાસા કરવા પાલવતા નથી. માટે શાસનપક્ષે એવાના શબ્દથી ફસાવું નહિ. જુઠ્ઠા અને ભરમાવનારા લેખો લખીને ત્રણ ચાર પેપરો બગાડવા કરતાં નવીનોએ ઉપરનાં વાક્યો અમાન્ય છે એમજ ચોકખું જાહેર કરવું ઠીક મનાશે.

१ श्रीआणंदविमलसूरिराज्ये—यत् पूर्णिमायाः क्षये वृद्धौ च त्रयोदश्याः,

२ पूर्णिमाऽमावास्ययो र्वृद्धौ पूर्वमौदयिकी तिथिराराध्यत्वेन व्यवह्रियमाणाऽऽसीत्, केनचिदुक्त श्रीतातपादाः पूर्वतनीमाराध्यत्वेन प्रसादयन्ति तत्किम् ? इति प्रश्नोऽत्रोत्तरम्–पूर्णिमाऽमावास्ययो र्वृद्धौ औदयिक्योव तिथिराराध्यत्वेन विज्ञेया.

३ पूर्णिमाभिवृद्धौ त्रयोदश्या वृद्धिर्जायते—पूर्णिमावृद्धौ त्रयोदशीवर्द्धनं, पूर्णिमाभिवृद्धौ द्वे त्रयोदश्यौ, अन्यथा गुरुलोकपीठको भविष्यसि इति दिक्.

४ १५७७ सप्तसप्तत्यधिकपंचदशशतमितेऽब्दे वैशाखकृष्णनवम्यां भूमिजवारे, मुनिश्रीरूपविजयेन–यत् पूर्णिमायाः क्षये वृद्धौ च त्रयोदश्याः, एवमेव वयं कुर्मह इति, अन्यथा षष्ठस्तपः कथं स्यात्.

५ अत एव चतुर्दश्यनंतरं पौर्णमासीति षष्ठतपो निर्णीतः इति तिथिनिर्णयः। इति पर्वतिथिनिर्णयः, लिः मुनि रामविजयजी.

६ चतुष्पर्व्यां कृतसम्पूर्णचतुर्विधपौषधः पूर्वोक्तानुष्ठानपरो मासचतुष्टयं यावत् पौषधप्रतिमायां करोति, द्वितीयोपवासशक्त्यभावे तु आचाम्लं निर्विकृतिकं वा करोति.

७ पौषधप्रतिमायां पूर्वोक्तानुष्ठानपरः मासचतुष्टयं यावत् अष्टमीचतुर्दश्योः पूर्णिमाऽमावास्योश्च चतुर्विधाहारविरतश्चतुर्विधं पौषधं कुरुते.

८ चतुर्थ्यां पौषधप्रतिमायां चतुरो मासान् अष्टमीचतुर्दशीपूर्णिमाऽमावास्यासु नियमेन सर्वतोऽपि चतुर्विधः पौषधः कार्यः.

९ चतुर्दश्यष्टम्यमावास्यापौर्णमासीषु पर्वतिथिषु चतुर्विधमप्याहारशरीरसत्काराब्रह्मचर्यव्यापारपरिवर्जनरूपं पौषधं परिपूर्णम्.

# બે પૂર્ણિમા થઇ શકે કે?

**લે૦ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજ. "સ્વકીય વિચારદર્શક"**

લૌકિક પંચાંગોમાં કાર્તિક પુર્ણિમા બે બતાવેલી હોવાથી જૈન સાધુઓને ચોમાસું કઇ પુર્ણિમાએ બદલવું તે બાબત ઘણોજ ઉહાપોહ ચાલે છે. કેટલોક વર્ગ લૌકિક પંચાંગાનુસાર પુર્ણિમા બે માની બીજી પુર્ણિમા પુર્ણિમા તરીકે ગ્રાહ્ય છે એમ માને છે. ત્યારે મોટો સમૂહ બે તેરસને એક પુર્ણિમા માને છે. અર્થાત્ "**क्षय पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा**" આ નિયમ પ્રમાણે પુર્ણિમાની વૃધ્ધિ હોવાથી બીજી પુર્ણિમા તે પુર્ણિમા છે. અને પહેલી પુર્ણિમા તે ચતુર્દશીજ ગણાય. આ માન્યતા ધરાવનાર ભાગ ઘણો મોટો છે. એટલે તેમના મત પ્રમાણે બે ત્રયોદશી થશે. આ મતમાં તિથિઓની વાસ્તવિક રીતે વધઘટ થતી નથી. એવો નિશ્ચય છે. અને જિનાગમ પણ તે પ્રમાણે કહે છે. કારણ કે દરેક શુધ્ધ તિથિ ૫૯ ઘડીની હોય છે. આ પ્રમાણે વૃધ્ધિતિથિની શરૂઆતની ઘડીઓ નહિ ગણવાથી બીજા સુર્યોદયવાળા અહોરાત્રમાંજ વાસ્તવિક તિથિકાળ આવશે. અને વધારેલી તિથિના સુર્યોદય સમયે તેની પુર્વતિથિનો ભોગકાળ આવશે. એટલે કે પ્રથમ પુનમે ચૌદશનો ભોગ કાળ આવશે. અર્થાત એ રીતે પ્રથમ પુનમના સુર્યોદય

## ચતુર્વિધ સંઘને વિજ્ઞપ્તિ.

તિથિચર્ચા અંગે જૈન સમાજમાં ઉપસ્થિત થયેલો વિસંવાદ જોઈ સામાન્ય જનતા સુન્યતા અને કંટાળો અનુભવી રહી છે. આ વિષમ પરિસ્થિતિ અને કલહમાં આંદોલનો સમાજમાં વધુ સમય સ્થિર થતાં તો એના આઘાત રૂપે આજસુધીની જૈન સંઘની પર્વતિથિઓ પ્રત્યેના પુજ્ય બુદ્ધિમાં ઓટ આવશે. અને એ ઓટને ઘસારે ઘસારે પર્વતિથિ આરાધનામાં શિથિલતા આવી જઈ સમાજ ઐકયનો ભંગ થશે.

આ ભાવીનો વિચાર કરતાં ભારી દુઃખ થાય છે. અમે ઇચ્છીએ છીએ. કે રાજનગર સાધુ સંમેલને બાહ્ય અને આંતરિક કલહોને ખાળવા નિયત કરેલી નવ પુ. આચાર્યોની કમીટી યાતો અન્ય સર્વ માન્ય સમિતિ વડે તિથિ નિર્ણય માટે નિશ્ચયાત્મક પગલાં ભરી તિથિ પ્રશ્નને સ્થાયી થતો અટકાવવા આજ લગીની સમાજ એકયની અખંડતા માટે ચતુર્વિધ સંઘ, ન અવગણી શકાય એવો અવાજ ખડો કરે.

વખતે ચૌદશની ઘડીઓ આવશે. અને પુ. પા. વાચકવર્ય ઉમાસ્વાતિજી મહારાજે પણ 'वृद्धौ कार्या तथ એ વાકયથી ઉપર પ્રમાણેજ આજ્ઞા કરી છે.

ક્ષય અને વૃદ્ધિ પ્રસંગે પુનમની હાની અથવા વૃદ્ધિ કરવી નહિ. તેને અખંડ રાખી. તેના અહોરાત્રમાં પર્વારાધન કરવું. પરંતુ તેની હાની અથવા વૃદ્ધિ તો કરાયજ નહિ. કારણુ કે પુનમ પર્વતિથિ મનાય છે. મહિનામાં ૧૨ પર્વતિથિ પૈકી ૨,૫,૮,૧૧, એકેક પર્વ છે. જ્યારે ૧૪, ૧૫ અને ૧૪, ૦)) એ જોડીયાં પર્વો છે. બાર પર્વમાં ચાર પર્વ આગમોકત છે. તેમાં પણુ આ સંયુક્ત તિથિ-ઓનો સમાવેશ થયો છે. એકેક પર્વને લઇને જે નિયમ છે. તેજ નિયમ સંયુક્ત પર્વને લાગુ પડે છે.

પુનમ પર્વતિથિ છે. તે બાબત શ્રી ભગવતી સૂત્ર વૃત્તિ, મહાનિશિથ સૂત્ર પંચાશકવૃત્તિ, પ્રવચનસારોદ્ધાર, યોગશાસ્ત્ર સવૃત્તિ, શ્રાદ્ધદિનકૃત્ય, શ્રાદ્ધવિધિ વૃત્તિ, સં. ૧૫૮૩ સાધુમર્યાદા પટ્ટક, હીરપ્રશ્ન, સેનપ્રશ્ન, વગેરે શાસ્ત્રોમાં તથા અવિચ્છિન્ન પરંપરામાં ૨, ૫, ૮, ૧૧, ૧૪, ૧૫, ૦)) બાર પર્વતિથિ માની છે.

**આ પર્વતિથિઓની હાનીવૃદ્ધિ નહિ કરવાનાં કારણ—**

જો પર્વતિથિનો ક્ષય કરવામાં આવે તો જનતા એમ સમજે કે, આજે તો તિથિ નથી ત્યારે ધોવા કરવામાં શો વાંધો આવે આવું સમજીને તિથિને દિવસે જે આરંભો ન સેવાતા હોય તે પણુ સેવવા માંડે. વળી પર્વતિથિની વૃદ્ધિ કર-

## ચૌદશ—પુનમની આરાધના કરનારા સાધુ, સાધ્વી સમુદાયને વિજ્ઞપ્તિ.

આ વર્ષે ચૌમાસી પ્રતિક્રમણુ અને સિદ્ધાચલ પટદર્શનની આરાધનાના અંગે તિથિ નિર્ણય માટે ઉહાપોહ થઇ રહ્યો છે. તેથી આપ સાહેબોએ ઉપરોક્ત પર્વો કયી તિથિ અને કયા વારે આરાધ્યાં છે, તે કાર્તિક વદ ૫ સુધીમાં જણાવવા વિનંતિ છે. જેથી આવતા 'જૈન ધર્મ વિકાસ'ના અંકમાં તેની નામાવલી આપી શકીએ.

—તંત્રી.

વામાં આવે તો જનતા પહેલી તિથિએ ગૃહસ્થાશ્રમની ફરજે આરંભ સમારંભમાં પ્રવર્તે પછી ધીરે ધીરે શંકા ઉભી થાય કે, પહેલી તિથિએ વાંધો નથી તો બીજી એ શો ? અને આમ જનતાને આરંભ સમારંભ માટે તિથિઓ સરખી થઇ જાય.

વળી શ્રી વિજયદેવસૂરિજી સંઘના "તિથિ હાનીવૃદ્ધિ વિચાર"માં વ્યવસ્થા છે કે "**कुरु पूर्णिमा वृद्धौ द्वे त्रयोदश्यो**" "પુનમ બે હોય તો બે તેરસ કર'. આથી સારાંશ એ આવ્યો કે. પુનમ વધે તો બીજી પુનમ પુનમ બને છે, પહેલી પુનમ ચૌદસ બને છે. અને ચૌદસ બીજી તેરસ બને છે.

આજકાલ ચાલતા ઉહાપોહને લીધે સામાન્ય જનતા ભ્રમમાં પડી પર્વારાધકને બદલે વિરાધક ન બની બેસે આ હેતુથી શાસ્ત્રોક્ત નિર્ણય પ્રકટ કરવાની આવશ્યકતા જણાઈ તેથી આ પ્રયાસ કર્યો છે.

# વાંચકોને-

'જૈન ધર્મ વિકાસ' માસિક નુતન વર્ષના પ્રભાતથી પ્રગટ થઈ રહ્યું છે. આ તેનો વધારો આપના હસ્તમાં છે.

માસિકનું વાર્ષિક લવાજમ (ભેટ પુસ્તકના પોષ્ટેજ સાથે) રૂા. ૨-૬-૦ નીચેના શીરનામે મોકલી આપવાથી 'વિજયનીતિસૂરિજીનું જીવન ચરિત્ર (સંસ્કૃત. પૃ. ૪૭૬) મોકલી આપવામાં આવશે.

લખો—

## "જૈનધર્મ વિકાસ" ઓફિસ

૫૬-૧ ગાંધીરોડ અમદાવાદ.

મુદ્રકઃ—**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-**અમદાવાદ.**
પ્રકાશકઃ—**ભોગીલાલ સાંકળચંદ** શેઠ. "**જૈનધર્મ વિકાસ**" ઓફિસ. શ્રીજૈનાચાર્ય વિજયનીતિસૂરિશ્વરજી વાંચનાલય. ૫૬/૧ રીચીરોડ-**અમદાવાદ**

## વાંચકોને !

માસિકના નમુનાનો અંક આપને મોકલવામાં આવે છે. આપશ્રીને અવલોકન કરતાં જો એ સંતોષ આપવામાં સફળ નીવડે તો આશા છે કે, વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૦-૦ અને બહારગામના (પોસ્ટેજ સાથે) રૂા. ૨-૬-૦ મોકલી આપશ્રી માસિકના ગ્રાહક તરીકે નામ નોંધાવશો.

લવાજમ મોડામાં મોડા આવતી સુદિ ૧ સુધી મોકલી આપશો. કે જેથી વી. પી. થી મોકલતાં વધુ ખર્ચ ન થાય, છતાં જણાવશો તો વી. પી. કરવામાં આવશે.

ગામ પરગામ વિચરતા પૂજ્ય મુનિવરો માસિકનો પ્રચાર કરી, નવા વાંચન-રસિક ગ્રાહકો નોંધાવી, માસિકને પ્રોત્સાહન આપશે, એવી અમે આશા રાખીએ છીએ.

કોઇ પણ સામાજીક સંસ્થાઓ કે પૂજ્ય મુનિગણને અમો, મફત કે ઓછા દરથી માસિક આપી શકીએ તેમ નથી, એ સૂચન થાય.

નમુનાની નકલ મંગાવવાથી મોકલી આપવામાં આવશે. "તંત્રી"

---

## ગ્રાહકોને ખાસ લાભ

દર માસની સુદિ પંચમીએ નિયમિત પૃ. ૩૨ નું વાંચન. વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૦-૦ અને બહારગામના રૂા. ૨-૬-૦ (પોસ્ટેજ સાથે)થી પુરૂ પાડવા, ઉપરાંત આકર્ષક પુસ્તકો ભેટ આપવામાં આવશે.

માસિકના નવા થનાર ગ્રાહકને લવાજમ મોકલી આપવાથી (૧) આચાર્યશ્રી-વિજયનીતિસૂરિશ્વરજી મહારાજનું જીવન ચરિત્ર (સંસ્કૃત) ક્રાઉન સોળ પેજી, પાકુ પુઠું પૃ. ૪૭૬ અગર પ્રશ્નોત્તર રત્નમાળા (હીંદિ-ગુજરાતી) ક્રાઉન સોળ પેજી, પૃ. ૧૯૦ એ બેમાંથી જે કોઇ એકની પસંદગી કરી ગ્રાહક જણાવશે તે, ઉપરાંત શ્રીયશોવિજય જૈન પુસ્તકાલય, રાધનપુર તરફથી, (૨) રથયાત્રા મહોત્સવ. (૩) ચોવીસ જીનકલ્યાણક, (૪) સ્તવનાવલી, મળી એકંદર ચાર પુસ્તકો ભેટ આપવામાં આવશે.

"તંત્રી"

---

## સાધુ સાધ્વી-ગણને વિજ્ઞપ્તિ.

ચાતુર્માસનો સમય નજદિક આવતો હોવાથી હરએક સાધુ-સાધ્વી ગણને અમારી વિજ્ઞપ્તિ છે, કે તેઓના ચાતુર્માસનું નક્કી થયાથી ગામ અને ઠેકાણા અમારી ઓફિસે જણાવશો, કે જેથી જાહેર જનતાની જાણ માટે તેની નામાવળી અમો અમારા માસિક દ્વારા જાહેર કરી શકીએ.

"તંત્રી"

## જાહેર ખબર આપનારાઓને

જૈન સમાજને ગામડે ગામડે આ નવા માસિકનો પ્રચાર થશે, અને એથી જાહેર ખબર આપનારાઓ પોતાના પ્રચારનો સંદેશ દૂર દૂર પહોંચાડી શકશે.

માસિક નિયમિત પ્રગટ થતુ હોવાથી જાહેર ખબર આપનારાઓને આ તકનો લાભ લેવા આમંત્રણ આપીએ છીએ, ભાવ નીચે મુજબ.

| પૃષ્ઠ | બારમાસ | નવમાસ | છમાસ | ત્રણમાસ | એકમાસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૪ | ૬ |
| ॥ | ૨૫ | ૨૦ | ૧૫ | ૯ | ૪ |
| । | ૧૫ | ૧૨॥ | ૧૦ | ૭॥ | ૨॥ |

એક વખત ટુંકી જાહેરાતના કોલમની બે લાઈન યા તેના ભાગનો રૂા. ૧)

અંક સાથે છપાવેલ તૈયાર હેન્ડબીલની માત્ર વહેંચામણીના એક વખતના રૂા. ૧૫)

અંક સાથે છપાવેલા તૈયાર દરેક તોલા અઢી યા તે વજનના કોઇ પણ ભાગના સૂચિપત્રની માત્ર વહેંચામણીના એક વખતના રૂા. ૩૦)

સરતો-(૧) નાણા અગાઉથી લેવામાં આવશે. (૨) જાહેર ખબર લેવી યા ન લેવી એ તંત્રીની મરજી ઉપર રહેશે. (૩) જાહેરાત પાછી મોકલાશે નહિ.

વધુ ખુલાસા માટે પત્રવ્યવહાર યા પુછપરછ નીચેના શરનામે કરો.

"જૈન ધર્મ વિકાસ" ઓફિસ

૫૬/૧ ગાંધીરોડ, અમદાવાદ.


## નમ્ર સૂચના

"તંત્રી" ચોમાસાના અંગે રાધનપુરમાં રોકાવાના હોવાથી પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા મહેરબાની કરવી. **લખમીચંદ પ્રેમચંદ, રાધનપુર. ઉ. ગુજરાત.**


# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપાગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પ૦ શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું

લખો—**જૈન ધર્મ વિકાસ ઓફિસ, ૫૬।૧ ગાંધી રોડ, અમદાવાદ.**


ટાઇટલ છાપનાર : શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, જુમામસીદ સામે—અમદાવાદ